# મનુષ્ય અને વાનર

–ડૉ. પ્રવીણ દરજી

જાતકકથાઓ સદા મારા રસનો વીષય રહી છે. અગાઉ અનેક વાર એ કથાઓને માણી છે. દરેક વેળા એ બોધકથાઓ આપણી સામે નવો નવો અર્થ ધરી દે છે. આપણા સમયમાં કે ભવીષ્યમાં પણ આવી કથાઓ ભાગ્યે જ અપ્રસ્તુત લેખાશે. કારણે કે એ સર્વના મુળમાં માણસ પડ્યો છે. તેનું ચંચલ મન રહ્યું છે. સમય તો સતત વહેતો રહે છે, મનુષ્યનાં નામ–સરનામાં કે સાધનો બદલાતાં રહે છે; પણ મનુષ્યની મુળ વૃત્તીઓમાં ફેર પડે છે ખરો ? પડે છે તો કેટલો ? આવા પ્રશ્નો તો સદા રહ્યા છે જ – રહેવાના પણ. જાતકકથાઓ તેથી જ સર્વકાળના મનુષ્યની કથાઓ બની રહે છે.

આવો, આવી એક ટૂંકી જાતકકથાનું રસપાન કરીએ. કહેવાય છે કે જુના સમયમાં જાણીતા નગર વારાણસીમાં સુખ્યાત રાજા બ્રહ્મદત્ત રાજ્ય કરતો હતો. એવા સમયે મનાય છે કે ભગવાન બોધીસત્ત્વ હીમાલયના નીબીડ અરણ્યમાં વાનરરુપે જનમ્યા હતા.

એક સમયે એ જંગલમાં એક શીકારીએ આ વાંદરાને બંદી બનાવ્યો. વાનર દેખાવમાં સુન્દર હતો; તેથી શીકારીએ એ વાંદરાને રાજાને ભેટ તરીકે આપ્યો. આ વાનરે ઠીક ઠીક સમય સુધી રાજ્યના ને રાજાના માનીતા મદારી પાસે તાલીમ લીધી. ભલભલા એ વાનરનાં કરતબથી ખુશ થઈ જતા. રાજાએ પણ વાનરનો ખેલ જોઈને નરી પ્રસન્નતા અનુભવી અને વાનરને પછી કાયમને માટે પોતાની પાસેથી મુક્ત કર્યો.

વાનર બુદ્ધીવાન હતો. તે વારાણસી છોડીને પોતાના મુળ રહેઠાણમાં રહેવા આવી ગયો. વાનરના મીત્રો અને સહાંવહાલાંઓને ખબર પડી કે વાનર ઘણા દહાડા પછી પરત આવ્યો છે; તેથી સૌ તેના ખબરઅંતર પુછવા એકઠાં થયાં અને સૌએ તેની કુશળતા વીશે પૃચ્છા કરી. તે સૌ આગંતુકો એ જાણવા ઉત્સુક હતાં કે તે અત્યાર સુધી સાચેસાચ ક્યાં હતો ? શું કરતો હતો ? વગેરે..

વાનરે આપવીતી કહેતાં સૌને જણાવ્યું કે, ‘હું રાજાના દરબારમાં આરામથી નીવસતો હતો. વારાણસીમાં મારે લહેર હતી.’

‘તો ત્યાંથી મુક્ત કેવી રીતે થયો ?’

‘મહારાજાના મદારીએ શીખવેલાં કરતબ મેં રાજાને પણ બતાવ્યાં. રાજાએ મારા ખેલ જોઈને ઘણી પ્રસન્નતા વ્યક્ત કરી અને એને કારણે મને મુક્ત કર્યો.’

‘ઓહ ! તો તો પછી તને એ બધા માનવો વીશે ખાસ્સી માહીતી હશે, ખરુંને ? અરે, તું અમને જણાવ કે એ લોકો કેવા છે, કેવી રીતે રહે છે, તેમનું વર્તન કેવું છે.’

‘સજ્જનો ! મીત્રો ! આ માનવીઓ વીશે વાત જ ન કરો તો સારું !’

‘અરે, એમ નહીં. કહે તો ખરો ! જરા અમે પણ એમના વીશે થોડું સાંભળીશું, તો આનંદ આવશે.’

'સાંભળવું જ છે, તો પછી સાંભળો ! આ માનવ, પછી એ બ્રાહ્મણ હોય કે ક્ષત્રીય અથવા વૈશ્ય કે ક્ષુદ્ર હોય – સઘળા એક જેવા જ છે. બધા ત્યાં તો 'મારું–તારું'ના ખેલમાં જ પડ્યા રહે છે. ધર્મનો તો તેમનામાં છાંટોયે નથી. 'મારું આ ઘર, મારું આ ધન', 'આ તારું ઘર, આ તારું ધન' – બસ, એવા ઝઘડાઓમાં જ રાતદીવસ તે સૌ ડુબેલા રહે છે. બીજી કોઈ વાત તેઓના મુખે સાંભળવા જ મળતી નથી.

'મોટા ભાગે દરેકના ઘરમાં બે માણસો રહે છે. એકને મુછ હોય. જ્યારે બીજાને મુછ હોતી નથી, મુછને બદલે તેઓને મોટાં સ્તન હોય છે, ચોટલા લટકે છે, કાનમાં એરીંગ હોય છે. એને મેળવવા ખાસ્સું ધન આપવું પડે. ખરીદ્યા પછી આ પ્રાણી બધાંને દુઃખી કરી રહે છે !'

આ અને આવી બીજી ઘણી વાતો સાંભળીને સૌ વાનરો દુઃખી થયા. પોતાના કાનમાં આંગળી ખોસીને તેઓએ કહ્યું, 'બસ, બસ, બહુ થયું, ઘણું સાંભળ્યું. હવે અમારે વધારે આવા માનવ વીશે કશું જાણવું નથી. માણસજાતની સાચી હકીકતો જાણી. આવા માણસની આપણે અહીં ભેગા મળી ઘણી બદબોઈ–નીંદા કરી. એમના દુર્ગુણો જાણ્યા પછી મન ભરાઈ ગયું છે, બહુ થયું. આવી જગ્યાએ ઉભા રહેવું તે પણ આપણા માટે તો પાપરુપ છે.'

સઘળા વાનરો માણસજાત વીશે સાંભળીને અવાક્ થઈ ગયા. તેમનાં કરતુતોથી દુઃખી–દુઃખી થઈ ગયા. તેઓને થયું કે આના કરતાં તો આપણે માનવ વીશે કશું પુછ્યું જ ન હોત તો સારું. સૌ વાનરો તેથી એ સ્થળ છોડીને પોતપોતાના મુકામ ઉપર ચાલી ગયા.

વાનરો જ્યાં ભેગા થયા હતા એ ગુફા ત્યારથી 'નીંદા–ગુફા' તરીકે જાણીતી બની. ત્યારથી કોઈ પણ વાનર હવે એ ગુફા તરફ ફરકતો સુધ્ધાં નથી!

મીત્રો, મનુષ્ય અને વાનરો વચ્ચેનો ભેદ જોયોને !

●

હમણાં છ દાયકા પુર્વે સસ્તું સાહીત્યવર્ધક કાર્યાલયે પ્રગટ કરેલી જાતકકથાઓની પુસ્તીકા હું વાંચી રહ્યો છું. ફરી પાછા તેના નવાનવા અર્થો સામે આવે છે. ભગવાન બુદ્ધની આ વાર્તાઓ – જન્મકથાઓ – જાતકકથા તરીકે જાણીતી છે. જાતકનો અર્થ જ થાય છે 'જન્મ બાબતે'. અર્થાત્ માનવસમ્બન્ધે. આવી કોઈ પણ જાતકકથા લો. તેમાં બોધીસત્ત્વ અર્થાત્ ભગવાન બુદ્ધ જ કેન્દ્રમાં હોય છે. કાં તો તે નાયક તરીકે હોય, કાં તો પછી કથાના કોઈ ગૌણ પાત્ર તરીકે. પણ છેવટે ત્યાં શબ્દમાં પ્રગટ થતું આવે છે તે તો બુદ્ધત્વ જ. આવી જાતકકથાઓ વીશે એવું કહેવાય છે કે તે સર્વ, ભગવાન બુદ્ધના મુખે જ કહેવાયેલી ધર્મકથાઓ છે. બુદ્ધને પોતાના પુર્વજન્મો વીશે પણ રજેરજ ખબર હતી. બુદ્ધના નીર્વાણ પછી લગભગ સાડા પાંચસો જેટલી કથાઓ એકત્રીત કરવામાં આવેલી. તેના વીશે અનેકોએ તે વેળા નુક્તેચીની કર્યાનું પણ મનાય છે. કહેવાય છે કે સમ્રાટ અશોકનો પુત્ર મહેન્દ્ર જ્યારે લંકા ગયો, ત્યારે પોતાની સાથે આ સર્વ કથાઓ લેતો ગયેલો. ત્યાં આ કથાઓનું સીંહાલી ભાષામાં રુપાન્તર થયેલું. કથાઓ પછી ત્યાંના લોકજીવનનો–ધર્મજીવનનો એક હીસ્સો બની ગયેલી. પાછળથી આચાર્ય ઘોષે ઈ.સ.ની પાંચમી સદીમાં એવી કથાઓનું ફરી એક વાર પાલીમાં રુપાન્તર કર્યું.

આવી જાતકકથાઓ નીઃશંક પ્રાચીન સંસ્કૃતી–સંસ્કારની દેન છે. એને વાંચીએ એટલે સ્વાભાવીક રીતે જ ‘પંચતંત્ર’ની વાતોનું પણ સ્મરણ થવાનું. ‘પંચતંત્ર’ની કેટલીક વાર્તાઓનું મુળ પણ આપણે આ જાતકકથાઓમાંથી શોધી શકીએ. એ જ રીતે ‘હીતોપદેશ’ની ઘણી કથાઓનું અનુસંધાન પણ જાતકકથાઓ સાથે જોઈ શકાય. ઈસપની જાણીતી કથાઓ પણ જાતકકથાના ગોત્રની લાગવાની. એ રીતે જાતકકથાઓ પ્રજાસમસ્તની બની રહે છે. સમયે સમયે આવી કથાઓ જે તે સમયના માનવીને સંકોરતી–સંસ્કારતી આવી છે. તેમાં જ્ઞાન–આત્મજ્ઞાન છે, ચેતોવીસ્તાર ને તેની ઉઘડતી ક્ષીતીજોનાં દર્શન થાય છે, તો પ્રેરકતાની સાથે ઘણી વાર રમુજ–રંજકતા પણ માણવા મળે છે. આવી વાર્તાઓને માનવજાતનાં જ્ઞાન–ડહાપણના અર્કરુપે પણ જોઈ શકાય. જગતના કથાસાહીત્યના રોમાંચક ઈતીહાસમાં એમ, જાતકકથાઓનું આગવું માન–સ્થાન રહ્યું છે.

આ બધી વાર્તાઓની રજુઆત અત્યંત લાક્ષણીક હોય છે. ‘એકદા નૈમીષારણ્ય’ની જેમ આવી લગભગ બધી કથાઓમાં ‘વારાણસી નામના એક નગરમાં બ્રહ્મદત્ત નામનો રાજા રાજ્ય કરતો હતો’ એ રીતે તેનો આરમ્ભ થતો હોય છે. પછી તેમાં બોધીસત્ત્વના અમુકતમુક કુળ કે જ્ઞાતીમાં જન્મ થયાનો નીર્દેશ હોય અને તેમ વાર્તાના તંતુઓ પછી ક્રમશઃ ઉઘડતા જતા જોવાય. જાતકકથાઓને, આપણે અગાઉ નોંધ્યું છે તેમ, બૌદ્ધ ધર્મ અને બુદ્ધ સાથે સાંકળવામાં આવી છે, તેથી તેનું એક ખાસ ધર્મપરક મુલ્ય પણ રહ્યું છે. બૌદ્ધમન્દીરો – શીલ્પો વગેરે ઉપર આવાં કથાનકો ચીત્રો – શીલ્પોરુપે કંડારાયેલાં કે ચીતરાયેલાં જોવા મળે છે. માત્ર આપણે ત્યાં જ નહીં; બૌદ્ધ ધર્મનો જ્યાં જ્યાં ફેલાવો થયો છે, ત્યાં ત્યાં સઘળે ત્યાંનાં મન્દીરોમાં – ચીત્રો – શીલ્પોમાં આવી કથાઓને સ્થાન આપવામાં આવ્યું છે. જાવાના બોરોબુદુરમાં, બ્રહ્મદેશના પેગાનમાં, સીયામના સુખોદયમાં. આપણે ત્યાં બરહુત અને સાંચીમાં, અજંતાની ગુફાઓમાં ને અમરાવતીમાં સુન્દર ભીંતચીત્રો – શીલ્પો આપણને જોવા મળે છે. કળા–કથાનો આવો સંગમ બાઈબલ આધારીત ચીત્રોમાં પણ પશ્ચીમમાં જોઈ શકાય છે. ધર્મ અને જીવન એમ બન્ને, ત્યારે નર્યાં એકરુપે જોવામાં આવતાં હતાં.

ડૉ. પ્રવીણ દરજી

લેખકના પુસ્તક ‘અંશ અને વંશ’(પ્રકાશક : હંમેશ મનહર મોદી, રન્નાદે પ્રકાશન, ૫૮–૨, બીજે માળે, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ – 380 001, ફોન : 079-2211 0081, ફેક્સ : 079-2214 6109, ઈ.મેલ : rannade_2002@yahoo.com, વેબસાઈટ : www.rannade.com, પ્રથમ આવૃત્તી : 2013, પૃષ્ઠ : 176, મુલ્ય : રુપીયા 160)માંથી લેખકશ્રીની પરવાનગીથી સાભાર... ..ઉત્તમ ગજ્જર..

ડૉ. પ્રવીણ દરજી

સર્જકસમ્પર્ક :

‘વાગીશા’, ફુવારા પાસે, રાજમહેલ રોડ, લુણાવાડા–389 230 ફોન : (02674) -253 925

Mobile : 98253 56551, 94285 47241 eMail : drpravindarji@gmail.com

♦●♦

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ: દસમું – અંક: 300 – July 13, 2014

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

નવ વરસથી ચાલતી આ 'સ.મ.'ની 'સુ–વાચનયાત્રા'માં આજે આ 297મી રચના મોકલાઈ રહી છે.. એની સઘળી રચનાઓની અગીયાર 'ઈબુક્સ' થઈ છે અને તે સઘળી મફત ડાઉનલોડ કરવા અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/ebooks/ પર, સાથેસાથે http://www.ekatrafoundation.org/books/ પર અને http://aksharnaad.com/downloads/ પર પણ મુકાઈ ગઈ છે જે આપ સૌ જાણો છો.
હવે એમાંથી 80 જેટલી 'સ.મ.' તો 'કાવ્ય–ગઝલો'ની મુકાઈ ! જેમાં ગઝલો, સોનેટ, ગીતો, મુક્તકો, અછાંદસ, હાઈકુ રચનાઓનું ભારોભાર વૈવીધ્ય છે. ગઝલરસીયા વાચકોના આગ્રહને વશ, અમે બીજી બે ઈબુક્સ 'ગઝલ–કાવ્યસૃષ્ટી'ના નામે બનાવી, તે બન્ને ઈબુક્સ હવે ફ્રી ડાઉનલોડ થઈ શકે તે માટે : પહેલી બુક http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part1.pdf લીંક પર અને બીજી બુક http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part2.pdf લીંક પર મુકી છે.. ક્લીક કરશો કે તરત જ બુક ડાઉનલોડ થવા માંડશે અને તે પછી તેને, તમે ચાહો તે સ્થળે સેવ કરી, તેમાંની સમર્થ કવીઓની હજારેક જેટલી રચનાઓ માણી શકશો.. ડાઉનલોડ ને સેવનો વીધી ન ફાવે તો મને લખજો. બન્ને બુક્સ હું તમને મોકલી આપીશ...ઉત્તમ.મધુ ગજ્જર.. uttamgajjar@gmail.com

@@@@@

More than 3,07,30,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 31,82,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 6,60,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

@@@@@